પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૨ | ૧૪ નવેમ્બર, ૨૦૧૯, ગુરૂવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સીજેઆઈ કચેરી હવે આરટીઆઈના દાયરામાં

**સુપ્રીમે પોતાના સંદર્ભમાં મોટો ચુકાદો આપ્યો : બધા જજો આરટીઆઈની હદમાં આવશે : વર્ષ ૨૦૧૦ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટે પણ યોગ્ય ઠેરવ્યો**

નવીદિલ્હી, તા. ૧૩

સુપ્રીમ કોર્ટની ચીફ જસ્ટિસની ઓફિસ પણ કેટલીક શરતોની સાથે હવે માહિતી અધિકાર કાનૂન (આરટીઆઈ)ની હદમાં આવી ગઈ છે. સુપ્રીમ કોર્ટ તરફથી આજે આ ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદામાં કહ્યું છે કે, સીજેઆઈની ઓફિસ પણ પબ્લિક ઓથોરિટી તરીકે છે. આને માહિતી અધિકાર કાનૂનની મજબૂતિની દ્રષ્ટિએ મોટા નિર્ણય તરીકે ગણવામાં છે. સુપ્રીમ કોર્ટે આજે પોતાના સંદર્ભમાં મોટો નિર્ણય આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, તમામ જજ આરટીઆઈની હદમાં આવી જશે. સુપ્રીમ કોર્ટે આ પ્રકારથી વર્ષ ૨૦૧૦ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને જાળવી રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, પારદર્શિતાને ધ્યાનમાં લઈને ન્યાયિક સ્વતંત્રતાને પણ ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમનું કહેવું છે કે, કોલેજિયમ દ્વારા સૂચવવામાં આવેલા જજના નામ જ જાહેર કરી શકાય છે. ચુકાદા અંગે માહિતી આપતા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, પારદર્શિતાને જાળવી રાખવા માટે આ નિર્ણય લેવાની બાબત જરૂરી હતી. જજોની નિયુક્તિને જાહેર કરવાનો જસ્ટિસ ચંદ્રચુડના માહિતી અધિકાર હેઠળ ગણવામાં આવે છે. જજ દ્વારા ચીફ જસ્ટિસની સામે સંપત્તિ જાહેર કરવાને લઈને આ હદની બહાર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ તમામ અપીલ સુપ્રીમ કોર્ટમાં સેક્રેટરી જનરલ અને સુપ્રીમ કોર્ટના કેન્દ્રીય લોકસૂચના અધિકારી દ્વારા દિલ્હી હાઈકોર્ટમાં વર્ષ ૨૦૦૯માં એવા આદેશની સામે દાખલ કરવામાં આવી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે, સીજેઆઈના હોદ્દાને પણ સૂચના અધિકાર કાનૂન હેઠળ આવે છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચ દ્વારા આ અંગેનો આદેશ કરવામાં આવ્યો હતો જેમાં ચીફ જસ્ટિસ ઉપરાંત જસ્ટિસ એનવી રમન્ના, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ દિપક ગુપ્તા અને જસ્ટિસ સંજીવ ખન્ના પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટે મામલાની સુનાવણી પૂર્ણ કરીને ચોથી એપ્રિલના દિવસે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, કોઈપણ અપારદર્શી વ્યવસ્થાની તરફેણમાં ઈચ્છુક નથી. પારદર્શિતાના નામ ઉપર ન્યાયપાલિકાને નુકસાન કરી શકાય નહીં.

સીઆઈસી દ્વારા પોતાના ચુકાદામાં કહેવામાં આવ્યું હતુંકે, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસની ઓફિસ પણ આરટીઆઈની હદમાં રહેશે.




## ભારે વિરોધ બાદ જેએનયુમાં ફી વધારો પાછો ખેંચી લેવાયો

**ક્લાસમાં પરત ફરવા વિદ્યાર્થીઓને આદેશ કરાયો : ફીમાં વધારો અને અન્ય નિયમો સાથે જોડાયેલા નિર્ણયો પરત લેવાયા : આર્થિકરીતે પછાત વિદ્યાર્થીઓને સહાયતા**



નવીદિલ્હી, તા. ૧૩

હોસ્ટેલ ફીમાં વૃદ્ધિની સામે જેએનયુ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન બાદ આખરે વહીવટીતંત્રએ આ નિર્ણયને પરત લઈ લીધો છે. વિરોધ પ્રદર્શન રંગ લાવતા ફીમાં વધારાને પરત લેવામાં આવ્યો છે. બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા કહેવામાં આવ્યું છે કે, વિદ્યાર્થીઓ તરત જ પરત ફરે તે જરૂરી છે. હોસ્ટેલ ફીમાં વધારાની સામે જેએનયુના વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. શિક્ષણ સચિવ આર સુબ્રમણ્યમે આજે ટ્વિટ કરીને માહિતી આપી હતી કે, કારોબારી કમિટિએ હોસ્ટેલ ફીમાં વૃદ્ધિ અને અન્ય નિયમ સાથે જોડાયેલા પોતાના નિર્ણયને પરત લઈ લીધો છે.

વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન પરત ખેંચીને પાછા ક્લાસમાં આવે તેવી અમારી રજૂઆત છે. શિક્ષણ સચિવે કહ્યું હતું કે, કારોબારી કમિટિની બેઠકમાં આર્થિકરીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને નાણાંકીય સહાયતા ઉપલબ્ધ કરાવવા સાથે સંબંધિત યોજનાનો પ્રસ્તાવ પણ રજૂ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ પ્રદર્શન સાથે અડચણો અને આશંકાને ધ્યાનમાં લઈને યુનિવર્સિટી વહીવટીતંત્ર દ્વારા કારોબારી કાઉન્સિલની બેઠકમાં કેટલાક નિર્ણય લેવામાં આવ્યા હતા. કારોબારી કાઉન્સિલ જેએનયુની સૌથી મોટી નિર્ણય લેતી સંસ્થા છે.

# કર્ણાટકના ૧૭ અયોગ્ય ધારાસભ્ય ચૂંટણી લડી શકશે

**સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપીને જેડીએસને મોટી રાહત આપી : કર્ણાટક વિધાનસભાના તત્કાલીન સ્પીકર દ્વારા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવી દેવાના નિર્ણયને સુપ્રીમ કોર્ટે યોગ્ય ઠેરવ્યો : ચુકાદાને લઇને તમામમાં ચર્ચાઓ**

નવીદિલ્હી,તા. ૧૩

સુપ્રીમ કોર્ટે કર્ણાટકમાં કોંગ્રેસ અને જેડીએસના ૧૭ અયોગ્ય ધારાસભ્યોને આજે રાહત આપી હતી. સાથે સાથે તેમને ચૂંટણી લડવાની મંજુરી આપી દીધી છે. જો કે કોર્ટે સાફ શબ્દોમાં કહ્યુ છે કે કર્ણાટક વિધાનસભાના તત્કાલીન સ્પીકર દ્વારા ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવી દીધો છે.

કોર્ટનુ કહેવુ છે કે અયોગ્યતા અચોક્કસ મુદત માટે હોઈ શકે નહીં. અત્રે નોંધનીય છે કે કોર્ટે અયોગ્ય ધારાસભ્યોની અરજી પર ૨૫મી ઓક્ટોબરના દિવસે સુનાવણી બાદ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ ધારાસભ્યોને વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ કેઆર રમેશ કુમારને અયોગ્ય જાહેર કરવામા આવ્યા હતા.

ન્યાયમુર્તિ એનવી રમન, ન્યાયમુર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમુર્તિ કૃષ્ણ મુરારીની ત્રણ સભ્યોની બંધારણીય બેંચે આ અયોગ્ય જાહેર કરવામાં આવેલા ધારાસભ્યોની અરજી પર ૨૫મી ઓક્ટોબરના દિવસે સુનાવણી પૂર્ણ કરી લીધી હતી. આ તમામ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા બાદ કર્ણાટકમાં ૧૭ પૈકી ૧૫ સીટ માટે પાચંમી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે.



## ન્યુઝ ટ્રેક

### ચિદમ્બરમ હજુ ૨૭મી સુધી જેલમાં

આઈએનએક્સ મીડિયા કેસમાં કોર્ટે ૩૦ ઓક્ટોબરથી ૧૩ નવેમ્બર સુધી પૂર્વ નાણામંત્રી ચિદમ્બરને કસ્ટડીમાં મોકલ્યા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે તેમની કસ્ટડીમાં વધારો કર્યો છે. હવે તેઓ ૨૭મી નવેમ્બર સુધી કસ્ટડીમાં રહેશે.

### પાક. સૈન્ય એક્ટમાં ફેરફાર થશે

પાકિસ્તાન હવે તેના સૈન્ય એક્ટમાં ફેરફાર કરશે. જેથી કૂલભૂષણ જાધવ તેમને આપવામાં આવેલી ફાંસીની સજા વિરૂદ્ધ સિવિલ કોર્ટમાં અપીલ કરી શકે. પાકિસ્તાની મીડિયા રીપોર્ટ્સમાં આ વાત સામે આવી છે.

### દિલ્હીમાં ઓડ-ઈવર પદ્ધતિ લંબાઈ શકે

રાજધાની દિલ્હીમાં સતત પ્રદૂષણનુ સ્તર વધી રહ્યું છે. દિલ્હી સરકારે આ સમસ્યાનો સામનો કરવા ઓડ-ઈવન યોજનાની અવધિ વધારવાનો નિર્ણય લીધો છે. પ્રદૂષણ મામલે સુપ્રિમ કોર્ટમાં સુનવણી ચાલી રહી છે. કોર્ટે પ્રદૂષણના આંકડાઓની માંગણી કરી છે.

# આજે રાફેલ અને સબરીમાલા સમીક્ષા અરજીઓ મામલે ચુકાદો

**સબરીમાલા મામલામાં બંધારણીય બેંચ ચુકાદો આપશે : સબરીમાલા મામલે ચુકાદા ઉપર ફેરવિચારણા કરવા કુલ ૧૯ રિવ્યુ પિટિશન દાખલ થઇ હતી : રાફેલ ઉપર સીટની તપાસની માંગણી માટે રિવ્યુ પિટિશન**





નવીદિલ્હી,તા. ૧૩

સુપ્રીમ કોર્ટ દ્વારા અયોધ્યા મામલે ઐતિહાસિક ચુકાદો આપી દેવામાં આવ્યા બાદ હવે વધુ કેટલાક મહત્વપૂર્ણ ચુકાદા જાહેર કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટ આવતીકાલે ખુબ જ જટિલ અને ચર્ચાસ્પદ રાફેલ અને સબરીમાલા મામલામાં પણ ચુકાદો જાહેર કરનાર છે. આ બે ચુકાદાને લઈને પણ પહેલાથી જ કાયદાકીય નિષ્ણાંતો અને રાજકીય વર્તુળોમાં ચર્ચા છેડાઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ સબરીમાળા ચુકાદો ભારતના ચીફ જસ્ટીસ રંજન ગોગોઇ અને જસ્ટીસ રોહિન્ટન ફાળી નરિમન, એએમ ખાનવિલકર, ડીવાય ચન્દ્રચુડ તેમજ ઈન્દુ મલહોત્રા દ્વારા જાહેર કરવામાં આવનાર છે. આ ચુકાદો સવારે ૧૦-૩૦ વાગે આપવામાં આવનાર છે. આવી જ રીતે ત્રણ જજની બેંચ જેમાં ચીફ જસ્ટીસ તરૂણ ગોગોઇ, જસ્ટીસ સંજય કિશન અને કેએમ જોસેફ સામેલ છે તે રાફેલ મામલે ચુકાદો જાહેર કરનાર છે. સબરીમાલા ચુકાદા બાદ આ ચુકાદો જાહેર કરવામાં આવનાર છે.

સબરીમાલાના કેસમાં સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૧૮માં ૨૮મી સપ્ટેમ્બરના દિવસે ૧૦થી ૫૦ વર્ષની વયની વચ્ચેની મહિલાની એન્ટ્રી પરના પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. આ વર્ષની શરૂઆતમાં ફેબ્રુઆરીમાં કોર્ટ દ્વારા ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો.અત્રે નોંધનીય છે કે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ના દિવસે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યુ હતુ કે કેરળના સબરીમાલા મંદિરમાં મહિલાઓ એન્ટ્રી કરી શકશે. મહિલાઓને પ્રવેશની મંજુરી આખરે મળી ગઈ હતી. પોતાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે અમારી સંસ્કૃતિમાં મહિલાનુ સ્થાન આદરણીય છે.

# મહારાષ્ટ્રમાં રાજ્યપાલે તમામ પક્ષને પુરતો સમય આપ્યો

**જેની પાસે નંબર છે તે સરકાર બનાવી શકે : મહારાષ્ટ્રમાં લાંબી મડાગાંઠને લઇ પ્રથમ વખત પ્રતિક્રિયા આપી : વિશ્વાસઘાત કર્યો હોવાનો અમિત શાહનો ઇન્કાર**

નવીદિલ્હી, તા. ૧૩

ભાજપ અધ્યક્ષ અમિત શાહે મહારાષ્ટ્રમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમ ઉપર પ્રથમ વખત પોતાની પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે, પાર્ટીને શિવસેનાની નવી માંગ કોઈપણ કિંમતે સ્વીકાર્ય નથી. અનેક વખત તેઓ પોતે અને વડાપ્રધાન મોદી જાહેરમાં કહી ચુક્યા છે કે, જો ગઠબંધન ચૂંટણી જીતશે તો દેવેન્દ્ર ફડનવીસ મુખ્યમંત્રી બનશે. તેમણે કહ્યું હતું કે, એ વખતે કોઈએ પણ વિરોધ કર્યો ન હતો. હવે નવી માંગ સાથે આવી ગયા છે જેને સ્વીકાર કરી શકાય તેમ નથી. અમિત શાહે રાજ્યપાલના પગલાનો બચાવ કરતા કહ્યું હતું કે, આ પહેલા સરકારની રચના કરવા માટે આટલો સમય કોઈપણ રાજ્યમાં આપવામાં આવ્યો નથી. ૧૮ દિવસનો સમય આપવામાં આવ્યો છે. રાજ્યપાલે તમામ પાર્ટીઓને એ વખતે જ બોલાવી છે જ્યારે વિધાનસભાની અવધિ પૂર્ણ થઈ ચુકી છે. શિવસેના, કોંગ્રેસ, એનસીપી અને અમે સરકાર બનાવવાના દાવા કર્યા નથી. જો આજે પણ કોઈ પક્ષની પાસે નંબર છે તો રાજ્યપાલ પાસે જઈ શકે છે. શાહે કહ્યું હતું કે, હજુ પણ પક્ષો પાસે તક છે. એકત્રિત થઈને રાજ્યપાલ પાસે જઈ શકે છે. તક આપવાનો કોઈ પ્રશ્ન થતો નથી. આ મુદ્દા ઉપર વિપક્ષ રાજનીતિ કરવામાં વ્યસ્ત છે. એક બંધારણીય હોદ્દાને રાજનીતિ માટે આરીતે ખેંચવાની બાબત યોગ્ય નથી. રાજ્યપાલે તમામને છ મહિનાનો સમય આપી દીધો છે. સરકાર બનાવવાની તમામને તક રહેલી છે. શાહે કહ્યું હતું કે, કોઈની પાસેથી તક ચાંકી લેવામાં આવી નથી.



કપિલ સિબ્બલ જેવા વિદ્વાન વકીલ આ પ્રકારની દલીલો કરીને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહ્યા છે. અમારા સાથી પક્ષે નવી શરતો મુકી છે જે અમને સ્વીકાર્ય નથી. જે દાવા કરી રહ્યા છે કે અમને સરકાર બનાવવાની તક મળી નથી તેમની પાસે હજુ પણ તક છે. શાહે કહ્યું હતું કે, અમે કોઈ વિશ્વાસઘાત કર્યો નથી. અમારી પાર્ટીના સંસ્કાર રુમમાં થયેલી વાતચીતને જાહેર કરવાના નથી. રાજ્યપાલ શાસનના લીધે ભાજપને સૌથી વધારે નુકસાન થયું છે.

# પાકના નુકસાન સામે ૭૦૦ કરોડની સહાય

**રાજ્યમાં કમોસમી વરસાદથી પાકના થયેલા નુકસાન મામલે રૂપાણી મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય : ખાસ સહાય પેકેજથી ચાર લાખથી વધુ ખેડૂતોને લાભ થશે : ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય ત્યાં પિયત પાકમાં ૧૩,૫૦૦ પ્રતિ હેક્ટર સહાયતા ચુકવાશે**



ગાંધીનગર, તા.૧૩

ભારે અને કમોસમી વરસાદથી થયેલા ખેડૂતોના પાકને થયેલા નુકસાન સંદર્ભમાં આજે મોટો નિર્ણય ગુજરાત રાજ્યમંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો હતો જેના ભાગરુપે ૭૦૦ કરોડ રૂપિયાની સહાયતા જાહેર કરવામાં આવી છે. સરકારે નિર્ણય કર્યો છે કે, ૩૩ ટકાથી વધુ નુકસાન થયું હોય ત્યાં પિયત પાકોમાં રૂપિયા ૧૩૫૦૦ પ્રતિ હેક્ટર અને બિનપિયત પાકોમાં ૬૮૦૦ પ્રતિ હેક્ટર સહાયતા આપવામાં આવશે.

જે ખેડૂતોને કમોસમી વરસાદમાં ૩૩ ટકા કરતા ઓછુ નુકસાન થયું હશે તેમને પણ રાજ્ય સરકાર સહાય આપશે. આગામી ૧૮મી નવેમ્બરથી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા પણ કરવાનો નિર્ણય પણ આજની બેઠકમાં લેવાયો હતો. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં કેબિનેટની બેઠક મળી હતી જેમાં અનેક મહત્વના નિર્ણય કરાયા હતા. રાજયમાં કમોસમી વરસાદથી થયેલા નુકસાનને લઈ રાજ્ય સરકારે મદદ માટે ખેડૂતોને સહાય ચૂકવવાની જાહેરાત કરી છે.

REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O. • TELE CALLER.
• BACK OFFICE EXECUTIVE. • OFFICE ASSISTANT
Attractive Salary + Incentive + Petrol...
Banking & finance experience prefer fresher also apply to
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225